**ક્રિમીનલ કેસ નં.૨૦૦૨૦૫/૧૯૮૮ ના કામે આંક–૧ લગત હુકમ.**

---

આ કામે રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો ઈન્કમટેક્ષ ઓફીસર કે જેઓ ફરીયાદી છે તેઓએ કુલ ૨૫ આરોપીઓ સામે ફરીયાદ દાખલ કરેલી છે. જેમાં આરોપી નં.૧, ૨, ૬, ૧૦,૧૫, ૧૯ અને ૨૨ કંપની છે. જયારે આરોપી નં.૩, ૪, ૫, ૭, ૮, ૯, ૧૧, ૧૨,૧૩,૧૪, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૩ થી ૨૫ કંપનીના ડાયરેકટરો છે. જેમાંથી આરોપી નં.૩, ૧૭ નાઓને ડીસ્ચાર્જ કરવામાં આવેલા છે. જયારે આરોપી નં.૪,૫, ૭ થી ૯, ૧૧,૧૮, ૨૦, ૨૧ નાઓનું ચાલુ ટ્રાયલ દરમ્યાન અવસાન થતા આરોપીઓના વિ.વકીલશ્રીએ તેઓનું મરણ સર્ટીફીકેટ રજુ કરેલ છે જે ધ્યાને લઈ તેઓની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે. જયારે આરોપી નં.૧, ૨, ૬, ૧૦, ૧૨ થી ૧૬, ૧૯, ૨૨, થી ૨૫ નાઓને સમન્સ / વોરંટ ની બજવણી માટે પ્રોસેસ કરવામાં આવેલ હોવા છતાં આરોપીઓને સમન્સ/વોરંટ બજે કે વગર બજે પરત આવેલ નથી. આ બાબતે ફરીયાદપક્ષના સ્પે. વિ. પ્રોસિકયુટરનું પણ ધ્યાન દોરવામા આવેલ અને સરનામું રજૂ કરવા જણાવેલ, પરંતુ તેઓ તરફથી આજદિન સુધી આરોપીઓના સરનામા રજૂ કરવામા આવેલ નથી તેમજ અરજીઓ પણ રજૂ કરવામા આવેલ નથી. વળી સદર કેસમાં અવારનવાર ઘણી મુદત આપવામાં આવેલ તેમ છતાં પણ તેઓ આરોપીઓને હાજર કરી ન શકતા સદર કેસ ડોરમેન્ટ ઉપર મારા પુરોગામી અધિકારી ધ્વારા મુકવામાં આવેલ હતો. આમ, સદર કેસ ઘણો જુનો છે અને આરોપી નં.૧, ૨, ૬, ૧૦, ૧૨ થી ૧૬, ૧૯, ૨૨, થી ૨૫ ના સરનામાના અભાવે કેસની કાર્યવાહી આગળ ચાલી શકતી નથી. તેમજ ફરીયાદી પણ આરોપીઓનું સરનામું રજુ કરી શકે તેમ ન હોય આ સંજોગોમાં આરોપી નં. ૩ અને ૧૭ નાઓને ડીસ્ચાર્જ કરવામાં આવેલા છે. જયારે આરોપી નં. ૪,૫, ૭ થી ૯, ૧૧,૧૮, ૨૦, ૨૧ નાઓ મરણ પામેલ હોય અને આરોપી નં.૧, ૨, ૬, ૧૦, ૧૨ થી ૧૬, ૧૯, ૨૨, થી ૨૫ ના સરનામાના અભાવે ફરીયાદીની ફરીયાદ કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૬/૦૬/૨૦૨૨ નારોજ સ્પેશ્યલ સીંટીગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૬/૦૬ /૨૦૨૨<br>
અમદાવાદ.

(બી.એચ.કાપડીયા)<br>
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,<br>
અમદાવાદ,કોડ નં.જીજે૦૦૬૮૭